કમિશનર શાળાઓના કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૩૦/૦૮/૨૦૧૯

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર.

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો/વહીવટી સહાયકો/સાથી સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તી વિષયક લાભો માન્ય ગણવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ તા.૦૨/૦૭/૯૯
(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૦૨/૦૬
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ તા.૨૮/૦૧/૦૮
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૨૫/ગ તા.૨૫/૧૦/૧૦
(૫) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ તા.૧૮/૦૧/૧૭
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૨૨/ગ તા.૧૭/૧૦/૧૭
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ/૫/ક તા.૦૮/૦૩/૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/વહીવટી સહાયક અને સાથી સહાયકની ફિક્સ પગારથી ભરતી કરવાની યોજનાનો અમલ કરવામાં આવેલ છે.

પ્રથમ તબક્કે શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ ના ઠરાવથી નીચે મુજબ ફિક્સ પગાર નિયત થયેલ હતા.

- શિક્ષણ સહાયક માધ્યમિક વિભાગ – રૂ. ૪૦૦૦
- શિક્ષણ સહાયક ઉચ્ચતર માધ્યમિક વિભાગ – રૂ. ૪૫૦૦
- વહીવટી સહાયક – રૂ. ૨૫૦૦
- સાથી સહાયક - રૂ. ૧૫૦૦

ત્યારબાદ નાણાં વિભાગના તા.૧૬/૦૨/૦૬ તથા વખતોવખત થયેલ ઠરાવોની જોગવાઈઓ અનુસાર ફિક્સ પગારમાં જે વધારો કરવામાં આવેલ છે તેનો લાભ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોને આપવામાં આવેલ છે. નાણાં વિભાગના તા.૧૮/૦૧/૧૭ના ઠરાવ થી નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પર ફિક્સ પગારથી નિમણૂક પામેલ તમામ કર્મચારીઓ ૦૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવાઓ પૂર્ણ કરે ત્યારબાદ હાલમાં ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો ૦૫ (પાંચ) વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક/ સેવા વિષયક કોઈપણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવતી નથી. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત બાબતે જરૂરી વિચારણા કરી ઠરાવેલ છે કે નાણા વિભાગના તા.૧૬/૦૨/૦૬ની નીતિ હેઠળ નિમણૂક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ ૦૫ વર્ષની સેવાઓને

બઢતી,પ્રવરતા,ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાની જોગવાઈ થયેલ છે. સદર જોગવાઈનો લાભ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ફિક્સ પગારથી નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો,વહીવટી સહાયકો, સાથી સહાયકોને આપવામાં આવેલ નથી.

શિક્ષણ વિભાગના તા.૩૦/૦૪/૯૭ અને તા.૧૧/૦૬/૯૮ના ઠરાવથી રાજ્યમાં પી.ટી.સી. પાસ બેરોજગારોની સમસ્યા હલ કરવા માટે જિલ્લા પંચાયતે, નગરપાલિકા,મહાનગરપલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ફિક્સ પગારથી નિમણૂક કરવા બાલગુરૂ/વિદ્યા સહાયક અંગેની યોજનાનો અમલ કરવામાં આવેલ અને આ યોજના અંતર્ગત નિમાયેલ પ્રાથમિક શિક્ષકોને શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૧૯ના ઠરાવથી રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિએ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યાસહાયકોની ૦૫ વર્ષની સેવાઓને બઢતી,પ્રવરતા,ઉચ્ચતર પગારધોરણ તેમજ નિવૃત્તી વિષયક લાભો માટે નીચે મુજબની જોગવાઈઓને આધિન લાભ આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | આવી ફિક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃતી સમયે મળવાપાત્ર નિવૃત્તી વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે. |
| ૨ | આ ફિક્સ્ડ પગારની સેવા ધ્યાને લેવાના કારણે પગારબાંધણી થતાં નક્કી થતા પગારનો તા.૩૧/૦૩/૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ પ્રકારનો તફાવત (એરીયર્સ) રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત્ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં. |
| ૩ | આ ફિક્સ્ડ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહીં. |
| ૪ | જે પ્રાથમિક શિક્ષકોને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે પ્રાથમિક શિક્ષકો નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત, ફિક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પાડેલ પેંશન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. |
| ૫ | આ ઠરાવ અન્વયે ચૂકવવાપાત્ર લાભ તારીખ ૦૧/૦૪/૨૦૧૯ થી મળવાપાત્ર થશે. |

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના મહામંડળો દ્વારા તા.૧૯/૦૬/૧૯ના પત્રથી પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની ૦૫ વર્ષની સેવાઓની બઢતી,પ્રવરતા,ઉચ્ચતર પગારધોરણ તેમજ નિવૃત્તી વિષયક લાભો માન્ય ગણવા અંગેની ઉપરોક્ત શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૧૯ના ઠરાવથી આપવામાં આવેલ લાભો આપવા અંગેની જોગવાઈઓ થયેલ છે. તે જોગવાઈઓ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલ શિક્ષણ સહાયકોને લાગુ પાડવાની રજુઆત કરેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ના ઠરાવ બાદ ફિક્સ પગારથી નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો (માધ્યમિક), શિક્ષણ સહાયકો (ઉચ્ચતર માધ્યમિક), વહીવટી સહાયકો, સાથી સહાયકોને શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૧૯ના ઠરાવથી થયેલ જોગવાઈઓ મુજબ ફિક્સ પગારની ૦૫ વર્ષની સેવાઓની બઢતી,પ્રવરતા,ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તી વિષયક મળવાપાત્ર લાભો આપવા અંગે શિક્ષણ વિભાગ કક્ષાએથી યોગ્ય આદેશો મેળવી આપવા વિનંતી.

નોંધ પર માન.નિયામકશ્રીના આદેશ અનુસાર

એચ.એન.ચાવડા
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)